# <u>ચાર્જશીટ નીચે હુકમ</u>

આ કામે રજુ થયેલ પેપર્સ ધ્યાને લીધા. આરોપી સામે રેલ્વે એકટની કલમઃ141 મુજબના ગુન્હા અન્વયેનો રીપોર્ટ કરવામાં આવેલ.

સજા અંગેની જોગવાઇ ધ્યાને લીધી. હાલની કોવિડ–૧૯ ની મહામારીની પરિસ્થિતિ તથા તહોમત ધ્યાને લેતા આ અદાલતને સી.આર.પી.સી. કલમ–૨૦૬ મુજબનો સમન્સ યોગ્ય જણાય છે.

આ કામે રજુ પેપર્સ ધ્યાને લેતાં આરોપીએ સ્વેચ્છાએ તેમની સહિ કરી ગુન્હા કબુલાત પુરસીસ રજુ કરેલ છે. જે રેકોર્ડ ઉપર છે. આ કામે અદાલત દ્વારા કાઢવામાં આવેલ સમન્સ અન્વયે આરોપી ગુજરાત રાજ્ય બહાર તેમના વતનમાં હોય અને છુટક મજુરી કરતા હોય અને વડોદરા મુકામે આવી શકે તેમ ન હોય, આર્થિક પરિસ્થિતિ પણ સારી ન હોય અને તેઓ સમન્સમાં જણાવેલ દંડ તેમના વતી તેમના સગા–સંબંધી ભરી દેવા તૈયાર હોય તેવી રજુઆત હોવાથી અને દંડ ભરતા હોવાથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

આ કામના સદર આરોપીને સદર ગુન્હામાંથી રેલ્વે એકટની કલમઃ 141 મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી સમન્સમાં જણાવેલ દંડ ભરી દેતા હોવાથી સદર કેસ ફેસલ કરવામાં આવે છે.

તા.૧૦.૦૭.૨૦૨૧
સ્થળઃ વડોદરા.

**(બી.એમ.ગઢીયા)**
એડી. સીવીલ જજ એન્ડ જયુડીશીયલ
મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, વડોદરા.
કોડ નં.જી.જે.૦૧૧૭૬